# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-01-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દરેક ઋતુ અને આબોહવા માટે સ્માર્ટ રાષ્ટ્ર બનાવવા માટે મિશન મૌસમનો આજે પ્રારંભ કરાવ્યો
2) પ્રયાગરાજના મહાકુંભમાં ત્રિવેણી સંગમ ખાતે આજે મકરસંક્રાંતિએ વિવિધ અખાડાઓ સહિત સાડા ત્રણ કરોડની વધુ યાત્રાળુઓએ અમૃત સ્નાન કર્યું
3) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે નવી દિલ્હીમાં વર્ચ્યુઅલી રાષ્ટ્રીય હળદર બોર્ડનું ઉદ્ઘાટન કર્યું
4) ભારતે રશિયા સમક્ષ રશિયન સેના માટે કામ કરતા ભારતીય નાગરિકોને શક્ય તેટલી વહેલી તકે સેવામાંથી મુક્ત કરવા જણાવ્યું
5) સમગ્ર દેશમાં મકરસંક્રાતિ, પોંગલ, બિહુ અને ઉત્તરાયણ સહિતના ઉત્સવોની ઉત્સાહપૂર્વક ઉજવણી
6) ખો-ખો વિશ્વ કપમાં ભારતીય મહિલા ટીમ આજે દક્ષિણ કોરિયા સામે પોતાનો પહેલો મુકાબલો રમશે

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM-MAUSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશને દરેક ઋતુ અને આબોહવા માટે સ્માર્ટ રાષ્ટ્ર બનાવવા માટે મિશન મૌસમનો પ્રારંભ કરાવ્યો.

ભારતીય હવામાન વિભાગના 150 માં સ્થાપના દિવસ નિમિત્તે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં બોલતા પ્રધાનમંત્રીએ કહ્યું કે મિશન મૌસમ એક ટકાઉ અને ભવિષ્ય માટે તૈયાર રાષ્ટ્રના નિર્માણ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે.

(બાઇટ – PM મોદી હવામાન વિભાગ)

વિભાગની 150 વર્ષની સફરની પ્રશંસા કરતા, શ્રી મોદીએ તેને દેશમાં આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો એક ગૌરવશાળી પ્રકરણ ગણાવ્યું. તેમણે કહ્યું કે હવામાન વિભાગ લાખો ભારતીયોની સેવા કરતી વખતે ભારતની વૈજ્ઞાનિક પ્રગતિનું પ્રતીક બની ગયું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે 'બધા માટે પ્રારંભિક ચેતવણી' પહેલ દેશની 90 ટકાથી વધુ વસ્તીને માહિતી પૂરી પાડે છે. તેમણે કહ્યું કે કોઈપણ વ્યક્તિ આગામી દસ દિવસ માટે હવામાન સંબંધિત માહિતી ગમે ત્યારે મેળવી શકે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે નવી વાસ્તવિક સમયની હવામાનની માહિતી કૃષિ અને દરિયાઈ અર્થતંત્રને મજબૂત બનાવે છે. તેમણે કહ્યું કે કુદરતી આફતોની અસર ઘટાડવા માટે હવામાનશાસ્ત્રની કાર્યક્ષમતા વધારવી જોઈએ.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ 150 વર્ષ નિમિત્તે સ્મારક સિક્કો બહાર પાડ્યો હતો. તેમણે હવામાન સ્થિતિ સ્થાપકતા અને આબોહવા પરિવર્તન અનુકૂલન માટે IMD વિઝન-2047 દસ્તાવેજ પણ બહાર પાડ્યો હતો.

આકાશવાણી સાથેની ખાસ વાતચીતમાં હવામાનશાસ્ત્રી ડી.કે ચૌધરીએ આ કાર્યક્રમ અંગે વધુ માહિતી આપી...

(બાઇટ – ડી કે ચૌધરી , હવામાનશાસ્ત્રી)

. . . . . . . . . . . . . . . .

# REV MAHAKUMBH - MAKAR SANKRANTI SNAN

પ્રયાગરાજના મહાકુંભમાં ત્રિવેણી સંગમ ખાતે આજે મકરસંક્રાંતિએ સાડા ત્રણ કરોડની વધુ યાત્રાળુઓએ અમૃત સ્નાન કર્યું. અમૃત સ્નાનમાં લાખો ભક્તો અને સંતોએ ભાગ લીધો હતો. મકરસંક્રાંતિના અવસરે, વિવિધ અખાડાઓના મહામંડલેશ્વરોએ પણ અમૃત સ્નાન કર્યું.

મકરસંક્રાંતિ દરમિયાન બધી પરંપરાઓ અને રિવાજો સરળતાથી ચાલી રહ્યા છે. પવિત્ર ડૂબકી લગાવ્યા બાદ ભક્તોએ ઘાટ પર ધાર્મિક વિધિઓ અને પ્રાર્થના કરી. પરંપરા મુજબ, ભક્તોએ મકરસંક્રાંતિના અવસર પર દાન આપ્યું હતું. સવારે ગંગા આરતીમાં લાખો લોકોએ ભાગ લીધો હતો.

અમારા સંવાદદાતાએ જણાવ્યું કે હેલિકોપ્ટરમાંથી શ્રદ્ધાળુઓ અને યાત્રાળુઓ પર ફૂલોની પાંખડીઓનો વરસાદ કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## PM - AMRIT SNAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મકરસંક્રાંતિના અવસરે મહાકુંભમાં પ્રથમ અમૃત સ્નાનમાં ભાગ લેનારા ભક્તોને અભિનંદન પાઠવ્યા હતા. મહાકુંભની ઝલક શેર કરતા શ્રી મોદીએ કહ્યું છે કે મહાકુંભ ભક્તિ અને આધ્યાત્મિકતાનું સાચું પ્રતિબિંબ છે.

. . . . . . . . . . . . . . . .

## GOYAL-TURMERIC

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે નવી દિલ્હીમાં વર્ચ્યુઅલી રાષ્ટ્રીય હળદર બોર્ડનું ઉદ્ઘાટન કર્યું. શ્રી ગોયલે જણાવ્યું હતું કે બોર્ડ હળદરની ખેતી કરતાં ખેડૂતોના કલ્યાણ, હળદરની સુધારેલી જાતોના વિકાસ અને નિકાસને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે કહ્યું કે દેશના 20 રાજ્યોમાં હળદરનું ઉત્પાદન થાય છે અને વિશ્વની લગભગ 70 ટકા હળદર ભારતમાં ઉત્પન્ન થાય છે.

### (બાઇટ – પિયુષ ગોયલ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી)

. . . . . . . . . . . . . . . .

# PM-NATIONAL TURMERIC BOARD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય હળદર બોર્ડની સ્થાપનાની પ્રશંસા કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ બોર્ડની સ્થાપનાને ખાસ કરીને હળદરની ખેતી કરતાં ખેડૂતો માટે ખૂબ જ આનંદની વાત ગણાવી. તેમણે કહ્યું કે બોર્ડ હળદરના ઉત્પાદનમાં નવીનતા, વૈશ્વિક સંવર્ધન અને મૂલ્યવર્ધન માટે વધુ સારી તકો સુનિશ્ચિત કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આનાથી પુરવઠા શ્રેણી મજબૂત થશે અને ખેડૂતો અને ગ્રાહકો બંનેને ફાયદો થશે.

. . . . . . . . . . . . . . . .

# RIYADH-FORUM

ફ્યુચર મિનરલ્સ ફોરમ 2025નો આજે રિયાધમાં આરંભ થયો છે. જેમાં ખનિજ ક્ષેત્રના પડકારો પર ચર્ચા કરવા માટે 85 થી વધુ દેશોના ખાણ ઉદ્યોગના પ્રતિનિધિઓ તેમાં ભાગ લઈ રહ્યા છે. કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડી પણ આ કાર્યક્રમમાં 50 થી વધુ દેશોના મંત્રીઓ અને અધિકારીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

આ ત્રણ દિવસીય કાર્યક્રમનું આયોજન સાઉદી અરેબિયાના ઉદ્યોગ અને ખનિજ સંસાધન મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેનો ઉદ્દેશ્ય આફ્રિકા, પશ્ચિમ અને મધ્ય એશિયામાં ખનિજ પુરવઠો વધારવા માટે રોકાણને પ્રોત્સાહન આપવાનો છે. શ્રી રેડ્ડીએ એક વ્યાપક કરાર માટે ચર્ચામાં ભાગ લીધો.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# MEA-RUSSIA

ભારતે રશિયામાં એક ભારતીય નાગરિકના મૃત્યુનો મામલો રશિયના અધિકારીઓ અને નવી દિલ્હીમાં રશિયન દૂતાવાસ સમક્ષ ઉઠાવ્યો છે. વિદેશ મંત્રાલયે ફરી એકવાર કહ્યું છે કે  રશિયન સેના માટે કામ કરતા બાકીના ભારતીય નાગરિકોને શક્ય તેટલી વહેલી તકે સેવામાંથી મુક્ત કરવામાં આવે.

આજે જારી કરાયેલા એક નિવેદનમાં, વિદેશ મંત્રાલયે રશિયન સેનામાં ભરતી થયેલા કેરળના એક ભારતીય નાગરિકના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું કે કેરળનો અન્ય એક ભારતીય નાગરિક ઘાયલ છે જેની મોસ્કોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ભારતીય દૂતાવાસ બંને લોકોના પરિવારોના સંપર્કમાં છે અને શક્ય તમામ સહાય પૂરી પાડી રહ્યું હોવાનું મંત્રાલયે જણાવી મૃતક ભારતીય નાગરિકના મૃતદેહને અને ઘાયલ વ્યક્તિને પણ  જલ્દી ભારત મોકલવાની માંગ પણ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . .

# FESTIVALS

આજે દેશભરમાં મકરસંક્રાંતિ, પોંગલ, બિહુ અને ઉત્તરાયણના તહેવારો ખૂબ જ પરંપરાગત ઉમંગ અને ઉત્સાહથી ઉજવવામાં આવી રહ્યા છે.

સૂર્યના મકર રાશિમાં પ્રવેશના શુભ પ્રસંગને દર્શાવાતા આ તહેવારો ઉજવવામાં આવે  છે. આ પ્રસંગે, લોકો પવિત્ર નદીઓમાં સ્નાન કરે છે, પરંપરાગત ભોજન બનાવી મિત્રો અને પરિવાર સાથે આરોગે છે અને દાન પુણ્ય કરે છે.

ગુજરાત અને પશ્ચિમ ભારતના અન્ય ભાગોમાં પતંગ ઉડાડીને આ તહેવાર ઉજવવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . .

# UTTRAYAN CELEBRATION

ગુજરતમાં આજે ઉમંગ, ઉત્સાહ, ઉલ્લાસ સાથે આજે ઉતરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.

**(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)**

સમગ્ર રાજ્યમાં આજે સવારથી જ પતંગ રસિયાઓ ધાબા પર જઈને પતંગ ચગાવવાની મજા માણી રહ્યા છે. આ વખતે પવન પણ પતંગ રસિયાઓનો સાથ આપતો જોવા મળ્યો હતો. પતંગ ચગાવવાની સાથે સાથે માથે કેપ અને ગોગલ્સ પહેરીને સંગીતના સથવારે ડીજેના તાલે થિરકતા પતંગબાજોએ “એ કાપ્યો છે અને લપેટ....લપેટના સૂત્રો સાથે વાતાવરણને જીવંત અને ધબકતું બનાવી દીધુ હતું. લોકોએ દિવસભર ઉંધુયી – જલેબી, બોર, તલના લાડુ તેમજ શેરડીની જયાફત માણી હતી.

ઉતરાયણ એ દાન કરવાનો પર્વ છે. આજે સવારથી લોકો પશુ – પક્ષીઓને ચણ – ઘાસ નિરતા જોવા મળ્યા હતા. આજે મોટાભાગના ધાર્મિક સ્થળોએ દર્શનાર્થીઓનું ઘોડાપૂર ઊમટ્યું હતું.

આજના દિવસે કરૂણા અભિયાન અંતર્ગત ઇજાગ્રસ્ત પશુ પક્ષીઓને બચાવવાની કામગીરી કરાઇ હતી. સાંજના સમયે આકાશમાં તુકલ્લો પણ ઊડતી જોવા મળી હતી. તો બીજી તરફ 108 ઈમરજન્સી સેવાનો કર્મચારીઓ ખડેપગે ફરજ નિભાવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . .

# KHO- KHO

નવી દિલ્હીમાં ચાલી રહેલા પ્રથમ ખો-ખો વિશ્વ કપમાં ભારતીય મહિલા ટીમ આજે સાંજે દક્ષિણ કોરિયા સામે પોતાનો પહેલો મુકાબલો રમશે. પ્રિયકા ઇંગ્લેની આગેવાની હેઠળની ટીમ ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમમાં જીત સાથે પોતાના અભિયાનની શરૂઆત કરશે.

બીજી તરફ, ભારતીય પુરુષ ટીમનો મુકાબલો બ્રાઝિલ સામે થશે. આ મેચ રાત્રે સવા આઠ વાગ્યાથી રમાશે. અગાઉ ગઈકાલે પુરુષ ટીમે નેપાળ સામે 42-37 થી રોમાંચક જીત મેળવી હતી.

ગ્રુપ-સ્ટેજ મેચો બાદ ક્વાર્ટર-ફાઇનલ 17 જાન્યુઆરીએ, સેમિફાઇનલ 18 જાન્યુઆરીએ અને ફાઇનલ 19 જાન્યુઆરીએ રમાશે.

. . . . . . . . . . . . . . .

# REV. J&K - RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર વિના જમ્મુ અને કાશ્મીર અધૂરું છે અને ત્યાંના લોકો સાથે ધર્મના આધારે ભેદભાવ કરવામાં આવે છે.

જમ્મુના અખનૂરમાં ભૂતપૂર્વ સૈનિકોની રેલીને સંબોધતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં રાષ્ટ્ર વિરોધી તત્વો સક્રિય છે અને સમય આવશે ત્યારે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે ભારતીય સેનાના સૈનિકોએ હંમેશા યુદ્ધોમાં દુશ્મનોને હરાવીને દેશનું રક્ષણ કર્યું છે. શ્રી રાજનાથ સિંહે સેનાના જવાનોના બલિદાનની પ્રશંસા કરી અને દેશને આતંકવાદથી સુરક્ષિત રાખવામાં તેમની ભૂમિકાનો ઉલ્લેખ કર્યો.

સંરક્ષણ મંત્રીએ અખનૂર ખાતે 108 ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને એક હેરિટેજ મ્યુઝિયમનું પણ ઉદ્ઘાટન કર્યું. આ સંગ્રહાલયમાં જમ્મુ અને કાશ્મીરમાં વિવિધ યુદ્ધોમાં ઉપયોગમાં લેવાયેલા સૈનિકોના શસ્ત્રો અને પ્રતિમાઓ રાખવામાં આવ્યા છે.

જમ્મુ અને કાશ્મીરના અપ રાજ્યપાલ મનોજ સિંહા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને વરિષ્ઠ અધિકારીઓએ શ્રી સિંહનું સ્વાગત કર્યું હતું.

. . . . . . . . . . . . . . . .